નવસારી જીલ્લા પોલીસ તરફથી કરવામાં આવેલ સારી કામગીરીની વિગત  સાફલ્યગાથા

તા.૨૩/૦૧/૨૦૨૩ થી ૨૯/૦૧/૨૦૨૩

<table>
<tr><td>કચેરી/ શાખા /</td><td>કરેલ સારી કામગીરી</td></tr>
<tr><td colspan="2">જીલ્લાના અલગ –અલગ પોલીસ સ્ટેશન વિસ્તારમાં  આગામી સમયમાં રિલીઝ થનાર પઠાણ ફિલ્મ અનુસંધાને  કોઈ અનિચ્છનીય બનાવ ન બને અને કાયદો વ્યવસ્થા જળવાઇ રહે તે સારું સિનેમા માલીકો સાથે મીટીંગ રાખવામાં આવેલ .</td></tr>
<tr><td></td><td></td></tr>
<tr><td>

**પ્રેસ નોટ - તા.૨૬/૦૧/૨૦૨૩**

**"પરિવારથી વિખુટા પડેલા માનસિક રીતે બિમાર બાળકનું જાગૃત નાગરીકોની મદદથી પરિવાર સાથે મિલન કરાવતી ખેરગામ પોલીસ ટીમ"**

નવસારી જિલ્લા પોલીસ અધિક્ષકશ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબના નેતૃત્વ અને માર્ગદર્શન હેઠળ નાયબ પોલીસ અધિક્ષકશ્રી એસ.કે.રાય સાહેબ નાઓ દ્વારા પોલીસની કાયદો વ્યવસ્થાની ફરજ ઉપરાંત પોલીસ દ્વારા સંવેદનશીલ તથા માનવતાવાદી અભિગમ મુજબની કામગીરી કરવા સુચના આપી હતી.

જે અંતર્ગત ખેરગામ પો.સ્ટે. વિસ્તારમાં આજરોજ તા.૨૬/૦૧/૨૦૨૩ ના રોજ પ્રજાસત્તાક દિન નિમિત્તે એક માનસિક રીતે બિમાર બાળક ઉ.વ.આશરે ७ વર્ષ તેના ઘરેથી કોઇની જાણ બહાર નીકળીને ખેરગામ મિશન ફળીયા ખાતે રહેતા ધર્મિષ્ઠાબેન પટેલના ઘરે આવી ગયેલ.જે માનસિક રીતે બિમાર બાળક પોતાનું નામ સરનામું બોલવા માટે અસમર્થ હોય ધર્મિષ્ઠાબેન દ્વારા ખેરગામના સરપંચશ્રી ઝરણાબેન તથા જીગ્નેશભાઇ પટેલ,શ્રેયાંસભાઇને બોલાવી બાળકના વાલીવારસની ખાત્રી કરવાનો પ્રયત્ન કરેલ અને બાદમાં ખેરગામ પોલીસને આ બાબતની જાણ થતા ખેરગામ પોલીસ પણ બાળકના વાલીવારસની શોધખોળમાં લાગતા બાળકના દાદી લીલાબેન વાઘીયા મળી આવેલા તથા તેમણે તેમના પૌત્રને ઓળખી કાઢેલો.બાદ લીલાબેનના પાડોશીઓ તથા આંગણવાડીબેન પાસેથી જરૂરી ખાતરી કરતા બાળક માનસિક રીતે બિમાર હોય તથા તેની માતા તેને નાનપણથી છોડીને ચાલી ગયેલ હોય તથા પિતા ડ્રાઇવીંગ કામ કરતા હોવાથી બાળકનો ઉછેર દાદી લીલાબેન જ કરતા હોય આજરોજ સવારે લીલાબેન ઘરકામ કરવા માટે બહાર ગયેલ હોય બાળક તેના દાદાની જાણ બહાર ઘરેથી નીકળી ગયેલ હોવાની હકીકત જણાય આવેલ.આમ પરિવારથી વિખૂટા પડેલા માનસિક રીતે બિમાર બાળકને ખેરગામ પોલીસ ટીમ દ્વારા સમાજના જાગૃત નાગરિકોની મદદથી ૨૬મી જાન્યુઆરીના દિને તેના વાલીવારસને સોંપીને ખરા અર્થમાં પ્રજાસત્તાક પર્વની ઉજવણી કરેલ હતી.

</td><td></td></tr>
<tr><td>નવસારી જીલ્લા પોલીસ વડા શ્રી ઋષિકેશ ઉપાધ્યાય, આઇ.પી.એસ. નાઓ દ્વારા સને –૨૦૨૨ના વર્ષમાં  ઉત્કૃષ્ટ કામગીરી કરવા બદલ જીલ્લાના પોલીસ અધિકારી/ કર્મચારીઓને પ્રસંશાપત્ર એનાયત  કરી સન્માન કરવામાં આવેલ.</td><td></td></tr>
</table>

સને–૨૦૨૨ના વર્ષમાં ઉત્કૃષ્ટ કામગીરી બદલ ૨૬મી જાન્યુઆરી–૨૦૨૩ દરમ્યાન જીલ્લા વહવટીતંત્ર દ્વાવારા પોલીસ અધિકારીર્ કસ્મચારીઓને પ્રસંશાપત્ર એનાયત કરી સન્માન કરવામાં આવેલ.





**પ્રેસ નોટ - તા.૨૯/૦૧/૨૦૨૩**

**"વગર લાયસન્સે ઉંચા વ્યાજદરથી નાણા ધીરાણ કરી અવેજમાં જરુરીયાત મંદ લોકોના ટુ વ્હીલ અને ફોર વ્હીલ વાહનો ફરજીયાત પણે પોતાની પાસે જમા રાખી ઉંચુ વ્યાજ વસુલ કરતા ઇસમને પકડી પાડતી ખેરગામ પોલીસ ટીમ "**

મે.પોલીસ અધિક્ષક,નવસારી શ્રી ઋષિકેશ ઉપાધ્યાય સાહેબ (આઇ.પી.એસ) નાઓ દ્વારા ખેરગામ પોલીસ સ્ટેશન વિસ્તારમાં ઉંચા વ્યાજ દરે નાણા ધીરાણ કરી સામાન્ય પ્રજાજનોને ખોટી રીતે રંજાડતા ઇસમો વિરુધ્ધ દાખલારુપ કાયદેસરની કાર્યવાહી કરવા માટે સ્પષ્ટ સુચના તથા જરુરી માર્ગદર્શન આપવામાં આવેલ તથા શ્રી એસ.કે.રાય ના.પો.અધિ.સા.શ્રી નવસારી વિભાગ નાઓ દ્વારા પણ જરુરી સુચના આપવામા આવેલ.

જે આધારે ગઇ કાલ તા.૨૮/૦૧/૨૦૨૩ ના રોજ ખેરગામ પોલીસ ટીમને બાતમી હકીકત મળેલ કે, નારણપોર કાદવળીયું ફળીયા ખાતે રહેતા ભીખુભાઇ રમણભાઇ પટેલ તેના ઘરે ગેર-કાયદેસર વ્યાજ વટાવનો ધંધો કરે છે, અને રૂપીયાની જરૂરીયાતવાળા માણસો પાસેથી તેમના ટુ વ્હીલ અને ફોર વ્હીલ વાહનો બળજબરી પુર્વક પોતાની પાસે ગીરવે રાખી જરૂરીયાત મજુબના રૂપીયા આપી તેના ઉપર પુષ્કળ વ્યાજ ઉઘરાવે છે. જે હકીકત આધારે પંચો રુબરુ હકીકત વાળી જગ્યા ઉપર ખાત્રી કરતા આરોપી ભીખુભાઇ રમણભાઇ પટેલ પાસેથી જરુરીયાત વાળા લોકો પાસેથી તેમના ટુ વ્હીલ/ફોર વ્હીલ વાહનો પોતાની પાસે જમા રખાવી જરુરીયાત મુજબના નાણા ૫% માસિક વ્યાજ દરે આપેલ હોવાની વ્યાજ વટાવની જુદી જુદી નોંધો કરેલ રજીસ્ટર મળી આવેલ. સદર આરોપીની વધુ પુછપરછ કરતા વ્યાજ વટાવના કામે જરુરીયાત મંદ લોકો પાસેથી ફરજીયાત પણે જમા લીધેલા વાહનો પોતાના ઘરના ઢોરના કોઢાર તથા પેજારીમાં તાડપતરીથી ઢાકી સંતાડી જમા રાખેલા ટુ વ્હીલ વાહનો નંગ-૨૦ તથા ફોર વ્હીલ વાહન નંગ-૦૧ મળી કુલ ૨૧ વાહનો કીંમત રુપિયા ૧૦,૬૦,૦૦૦/- તથા વ્યાજે નાણા લેનાર ઇસમ જો માસિક ૫% વ્યાજ નિયત સમયે ભરીના શકે તો તેની પાસેથી બળજબરી પૂર્વક માસિક ૭% ના દરે લીધેલ વ્યાજની રકમ રુપિયા ૭,૮૮૦/- તથા મોબાઇલ નંગ-૦૧ કિંમત રુપિયા ૫૦૦૦/- મળી કુલ રુપિયા ૧૦,૭૨,૮૮૦/- ના મુદામાલ સાથે પકડી પાડી ખેરગામ પો.સ્ટે. ગુ.ર.નં. પાર્ટ A નંબર-૧૧૮૨૨૦૦૪૨૩૦૦૯૬/૨૦૨૩ તા:૨૯/૦૧/૨૦૨૩ ઇ.પી.કો.કલમ.૩૮૪ તથા ગુજરાત નાણા ધીરધાર અધિનીયમ કલમ-૪૦-૪૨-એ.ડી. મુજબનો ગુનો દાખલ કરી આગળની તપાસ પો.સ.ઇ શ્રી જે.વી.ચાવડા ખેરગામ પો.સ્ટેનાઓએ હાથ ધરેલ છે.

- **ગુનામાં સંડોવાયેલ આરોપી :–** ભીખુભાઇ S/O રમણભાઇ બાબરભાઇ પટેલ ઉ.વ.-૪૮ ધંધો-ખેતી તથા ડેરી રહેવાસી- નારણપોર કાદવળીયું ફળીયા રોડ ઉપર તા.ખેરગામ જી.નવસારી

- **ગુનાના કામે કબજે કરવામાં આવેલ મુદામાલની વિગત :–**

(૧) વ્યાજ વટાવની જુદી જુદી વિગત લખેલ રજીસ્ટર કિંમત રૂ.૦૦/૦૦
(૨) વ્યાજના આવેલ રોકડા રૂપિયા-૭,૮૮૦/-
(૩) મોબાઇલ ફોન નંગ- ૦૧ કિ.રૂપિયા ૫,૦૦૦/- તથા
(૪) નાણાની જરૂરીયાત વાળા ઇસમો પાસેથી નાણાની અવેજમાં ફરજીયાત પણે પોતાની પાસે જમા રાખેલા ટુ વ્હીલ વાહનો કુલ નંગ-૨૦
(૧) ગ્રે કલર ની એક્ટિવા GJ-15-AH-501 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૨) કાળા કલરની હિરો સ્પેલેંડર પ્લસ-GJ-15-DS-2442 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૩)કાળા કલરની લાલ પટ્ટાવાળી હિરો સ્પ્લેન્ડર પ્લસ-GJ-21-BP-7980 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૪)કાળા કલરનુ લાલ પટ્ટાવાળુ હિરો પ્લસનં-DD-03-F-6246 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૫)કાળા કલરની સિલ્વર પટ્ટાવાળુ સ્પેલેંડર પ્રો-GJ-21-AN-3394 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૬) સિલ્વર કલરનુ હોન્ડા કંપનીનુ ઇટ્રેનો મોપેડ-GJ-15-KK-3677 જેની કિ.રૂ.૩૦,૦૦૦/-
(૭)લાલ કલરનુ હિરો મેસ્ટ્રો મોપેડ-GJ-15-BF-9804 જેની કિ.રૂ.૩૦,૦૦૦/-
(૮)સફેદ કલરનુ હોન્ડા એક્ટિવા 3G મોપેડ GJ-15-BG-2441 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૯) સફેદ કલરની યામહા આલ્ફા મોપેડ GJ-15-BE-6361 જેની કિ.રૂ.૩૦,૦૦૦/-
(૧૦)કાળા કલર નુ બ્લુ પટ્ટાવાળૂ હિરો હોન્ડાકંપનિનુ સ્પ્લેંડર મોસા GJ-15-CC-73 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૧૧)કાળા કલર્ની સિલવર પટ્ટાવાળી હિરો સ્પ્લેંડર પ્રો મોસા-GJ-21-BA-6540 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૧૨)કાલા કલરની હોન્ડા યુનિકોર્ન-160-GJ-15-BH-3118 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૧૩)કાળા બ્લુ કલર નુ બજાજ એવેન્જર મોસા-GJ-15-BJ-5311 જેની કિ.રૂ.૭૦,૦૦૦/-
(૧૪)કાળા કલર નુ ગ્રીનપટ્ટાવાળી પેસન પ્રો મોસા-GJ-21-BP-0844 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૧૫)હિરો સ્પ્લેંડર પ્લસ કાળા કલરની લાલ પટ્ટાવાળી મોસા-GJ-21-BP-6678 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૧૬)કાળા કલર્ની સિલવર પટ્ટાવાળી હિરો સ્પ્લેંડર પ્લસ-GJ-15-DK-4134 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૧૭)કાળા કલર્ની હિરો હોન્ડા પેસન પ્રો મોસા-GJ-15-AL-5208 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૧૮)કાળા કલર્ની લાલ પટ્ટાવાળી પેસન પ્રો મોસા-MH-05-CL-5938 જેની કિ.રૂ.૫૦,૦૦૦/-
(૧૯)કાળા કલર્ની સિલવર પટ્ટાવાળી હિરો સ્પ્લેંડર પ્લસ-GJ-21-BD-0949 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-
(૨૦)કાળા કલર્ની સિલવર પટ્ટાવાળી હિરો સ્પ્લેંડર પ્લસ-GJ-15-BP-4071 જેની કિ.રૂ.૪૦,૦૦૦/-તથા
(૫) ફોર વ્હીલ વાહન નંગ-૦૧ સફેદ કલરની મારૂતિ સુઝુકી ઇકો સ્ટાર- GJ-21-CA-6137 જેની કિ.રૂ.૨,૦૦,૦૦૦/- મળી કુલ્લે મુદામાલ રૂપિયા-૧૦,૭૨,૮૮૦/- કબજે કરવામાં આવેલ છે.

- **(૩) કામગીરી કરનાર ખેરગામ પોલીસ ટીમના સભ્યો :-**

પો.સ.ઇ જે.વી.ચાવડા, એ.એસ.આઇ કૃણાલ મોહનલાલ, અ.હેડ.કો.સંદીપભાઇ રમેશભાઇ તથા અ.હે.કો.બીપીનભાઇ કાંતુભાઇ તથા અ.હે.કો. જયેશભાઇ જેકીશનભાઇ તથા અ.હે.હો.હિતેશભાઇ નટુભાઇ તથા અ.પો.કો નરસિંહા શંકરસિંગ તથા આ.પો.કો. જયેશભાઇ રવજીભાઇ તથા વૃ.પો.કો. જાગૃતિ સુમનભાઇ




